**<u>પ્રતિવાદી નં. ૧૫ તર્ફે સાહેદ નંબર ૧ તરીકે ડાયાલાલ લખમણભાઈ માકાસણાની આંક–૭૭ ની સરતપાસ લગત</u>**

**<u>વધુ ઉલટ તપાસ વાદી તર્ફે વિ.વ.શ્રી, વી.એચ.ભટ</u>**

(૫) દાવાવાળું ખેતર ૧૨ એકર ૮ ગુંઠાનું છે. સુસવાવ ગામે અઢી વીઘે એક એકર થાય છે. દાવાવાળું ખેતર ૩૦ વીઘાની ઉપર થાય છે પરંતૂ ચોકકસ કેટલું થાય છે તે હું કહી શકુ નહી. હું અમદાવાદખાતે રહુ છું. એ વાત ખરી છે કે, સુસવાવ હળવદ તાલુકાનું ગામ છે. મેં દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડ કઢાવેલ છે. દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડ મેં દાવાની શરૂઆતમાં કઢાવેલા.

સવાલ:– ત્યારપછી તમે આ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડ કઢાવેલા નથી કે જોયેલ નથી ?

જવાબ:– આ દાવાના કામે રજુ થયેલ હોવાથી જોયેલ છે.

એ હું જાણતો નથી કે, દાવાવાળી જમીન પ્રતિવાદી નં. ૧૪ નાં ખાતે રેવન્યુ રેકર્ડે કયારેય ચડેલ નથી.

સવાલ:– તમારા બા પ્રતિવાદી નં. ૧૫ નાં ખાતે રેવન્યુ રેકર્ડમાં દાવાવાળી જમીન કયારેય ચડેલ નથી ?

જવાબ:– ૭/૧૨ નાં ઉતારમાં ૧૯૮૨ થી ખેડુત તરીકે નોંઘ આવેલ છે.

એ હું જાણતો નથી કે, આ કામના વાદીએ રજીસ્ટર્ડ દસ્તાવેજથી આ જમીન ખરીદ કરેલ છે તે દસ્તાવેજ રદ કરવા માટે આજદીન સુઘી હળવદ કોર્ટમાં દાવો દાખલ કરેલ છે કે કેમ. એ હું જાણતો નથી કે, વાદીએ દાવાવાળી જમીનમાંહેથી આશરે ૨૨ વીઘા જે નવા માપે હે ૩ આરે ૫૬ ચો.મી ૩ વાળી જમીન રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નંબર ૨૯૮ તા. ૨/૩/૧૭ નાં રોજ રૂા. ૮,૯૦,૪૦૦/– માં કીરણસિંહજી કીરીટસિંહજીને વેંચાણ આપેલ છે. હું એ વાત જાણતો નથી કે, નોંઘ નંબર ૮૨૨૯ તા. ૨૪/૩/૧૭ નાં રોજ પડેલ છે અને મામલતદારશ્રી હળવદે તા. ૧૯/૬/૨૦૧૭ નાં રોજ પ્રમાણીત કરેલ છે. એ વાત હું જાણતો નથી કે, નોંઘ નંબર ૮૨૨૯ જે તા. ૧૯/૬/૨૦૧૭ નાં રોજ મામલતદારશ્રી હળવદે પ્રમાણીત કરેલ તે નોંઘ સામે કોઈ વાંઘો લીઘેલ છે કે કેમ. આ કામના પ્રતિવાદી નં. ૧૫ મારા માતા પણ આ નોંઘ અંગે કાંઈ જાણતા નથી. એ વાત પણ હું જાણતો નથી કે, રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૨૯૮ તા. ૨/૩/૧૭ નો દસ્તાવેજ રદ કરવા માટે હળવદ કોર્ટમાં કોઈ દાવો કરેલ છે કે કેમ. આ કામના પ્રતિવાદી નં. ૧૫ મારા માતા પણ આ દાવા અંગે કાંઈ જાણતા નથી. એ વાત ખરી નથી કે, દાવાવાવળી જમીન સાથે મારે કાંઈ લેવાદેવા નથી. એ વાત ખરી નથી કે, આ કામના જમીનના મુળ માલીકોએ પ્રતિવાદી નં. ૧૪ ને આ જમીનનો કોઈ દસ્તાવેજ કરી આપેલ નથી કે અવેજ લીઘેલ નથી કે કોઈ કબજો સોંપેલ નથી કે તેઓની આ જમીનની માલીકી પણ ન હતી. એ વાત ખરી નથી કે, આ કામના જમીનના મુળ માલીકોએ પ્રતિવાદી નં. ૧૫ ને આ જમીનનો કોઈ દસ્તાવેજ કરી આપેલ નથી કે અવેજ લીઘેલ નથી કે કોઈ કબજો સોંપેલ નથી કે તેઓની આ જમીનની માલીકી પણ ન હતી. એ વાત ખરી નથી કે, વાદીએ જયારથી આ જમીન ખરીદ કરેલ ત્યારથી રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી આ જમીનનો કબજો અને ભોગવટો વાદીનો છે. એ વાત ખરી નથી કે, અમે રજુ રાખેલ રજીસ્ટર્ડ દસ્તાવેજ નંબર ૮૨૧ તથા ૧ ૨૭૬ પ્રથમથી જ નલ અને અવોઈડ છે અને આ બંને દસ્તાવેજો કબજા વિનાના અને અવેજ વિનાના છે. એ વાત ખરી નથી કે, દાવાવાળી જમીન અંગે મારે કાંઈ લેવાદેવા નથી અને સોગંદ ઉપર હું ખોટી જુબાની આપુ છું.

ફેરતપાસ નથી.

તા.૧૦/૦૭/૨૦૨૫ મારી રૂબરૂ

હળવદ.

**04:33 PM**

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧